**Enrollment No: _____________________** **Exam Seat No:_____________________**

# C.U.SHAH UNIVERSITY
## Summer Examination-2019

**Subject Name: Compulsory Accountancy-II**
**Subject Code: 4CO02CAC2** **Branch: B.Com (Gujarati)**
**Semester: 2** **Date : 25/04/2019** **Time: 02:30 To 05:30** **Marks : 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** ખરીદ કિંમત પૈકી મળેલા શેર કે ડિબેન્ચરની ભાગીદારો વચ્ચે વહેંચણી કરવા અંગે કરારમાં કે પ્રશ્નમાં કોઇ સૂચના ન હોય તો વહેંચણી કેવી રીતે થાય? 1

(a) આખરની મૂડીના પ્રમાણમાં (b) ન.નુ.ના પ્રમાણમાં
(c) હિસાબો મુજબ (d) સરખા હિસ્સે

**b)** ચોખ્ખી મિલકતની પધ્ધતિથી ખરીદ કિંમત નક્કી કરતાં, મિલકતોમાંથી .... બાદ થાય. 1

(a) પાઘડી (b) દેવાં અને જવાબદારી (c) મૂડી અને અનામત (d) આમાંથી એક પણ નહિં

**c)** પાઘડી = ખરીદ કિંમત - ... 1

(a) મૂડી અનામત (b) કુલ મિલકત (c) કુલ દેવાં (d) ચોખ્ખી મિલકત

**d)** જ્યારે વેચનાર પેઢીનો વિસર્જન ખરીદનાર કંપની ચૂકવે ત્યારે ખરીદનાર કંપનીના ચોપડામાં .. ખાતું ઉધારવામાં આવે છે? 1

(a) વિસર્જન ખર્ચ (b) પાઘડી (c) મૂડી અનામત (d) વેચનાર પેઢી

**e)** ચોખ્ખી મિલકત – ખરીદ કિંમત = ... 1

(a) પાઘડી (b)મૂડી અનામત (c) ખરીદ કિંમત (d) દેવાં

**f)** નીચેના પૈકી કઇ રકમ માલિકીના ભંડોળો ગણાય? 1

(a) અનામત ભંડોળ (b) કારીગર બચત ખાતા (c) ભાગીદારની લોન (d) નહિં

**g)** રોકડની હપતે હપતે વહેંચણી કરતાં પાકાં સરવૈયાંમાં દર્શાવેલ અનામતો, નફો કે ખોટ ભાગીદારોને... 1

(a) ન વહેંચાય (b) ન.નુ.ના પ્રમાણમાં વહેંચાય
(c) મૂડીના પ્રમાણમાં વહેંચાય (d) સરખા ભાગે

**n)** મહત્તમ નુકસાનની પધ્ધતિમાં જો કોઇ ભાગીદારની મૂડીની રક ઋણ આવે તો તે રકમ અન્ય ભાગીદારો વચ્ચે ... 1

(a)મૂડીના પ્રમાણમાં વહેંચાય (b)ન.નુ.ના પ્રમાણમાં વહેંચાય
(c) વહેંચાય નહિં (d) એક પણ નહિં

**h)** ભાગીદારી પેઢીના વિસર્જન વખતે ચૂકવવા પાત્ર રકમનો સાચો ક્રમ .... છે? 1

(a) ભાગીદારોની લોન -લેણદારો – મૂડી (b) લેણદારો – ભાગીદારોની લોન – મૂડી

(c)ભાગીદારોની લોન – મૂડી – લેણદારો (d) મૂડી – લેણદાર – ભાગીદારોની લોન

**i)** આવક જાવક ખાતું એ કેવાં ખાતાં જેવું છે? 1

(a) રોકડ (b) નફા નુકસાન (c) ઉપજ ખર્ચ (d) બેંક

**j)** મોટા પ્રમાણમાં થયેલ જાહેરાત ખર્ચ એટલે ... 1

(a) મહેસૂલી ખર્ચ (b) મૂડી ખર્ચ (c) સ્થાપના ખર્ચ (d) પ્રસારિત મહેસૂલી ખર્ચ

**k)** મૂડીકૃત કરેલી આવક શેમાં ઉમેરાય? 1

(a) નફામાં (b) મૂડીભંડોળમાં (c) રોકાણોમાં (d) મિલકતમાં

**l)** સ્થિર મિલકતોનું હિસાબી ધોરણ? 1

(a) 5 (b) 10 (c) 8 (d) 6

**m)** હિસાબી ધોરણ નંબર 7 ક્યું છે? 1

(a) બાંધકામના કરાર (b) નફો (c) નુકસાન (d)EPS

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2 Attempt all questions (14)**

ગોપાલ અને રહીમ 3:2ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો હતા. તેઓનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **14**

| મૂડી – દેવાં | રકમ રૂ. | મિલકત લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| **મૂડી :** | | જમીન મકાન | 76,800 |
| ગોપાલ 72,000<br>રહીમ 48,000 | 1,20,000 | મશીનરી 60,000<br>- ઘસારા ફંડ 12,000 | 48,000 |
| લેણદારો | 33,600 | રોકાણો | 21,600 |
| બેંક લોન | 50,400 | સ્ટૉક | 40,800 |
| સામાન્ય અનામત | 24,000 | દેવાદારો | 36,000 |
| | | રોકડ | 4,800 |
| | 2,28,000 | | 2,28,000 |

તા, 31-3- 2016ના રોજ તેઓએ "અંશ" કંપની લિ. ને પોતાનો ધંધો નીચેની કિંમતે વેચવા નક્કી કર્યું : 1) પાઘડી – રૂ. 24,000 દેવાદારો – રૂ. 31,200

જમીન મકાન – રૂ. 1,03,200 સ્ટૉક – રૂ. 45,600

2) રોકડ અને રોકાણો સિવાયની તમામ મિલકતો અને દેવાં ચોપડા કિંમતે લેવાનું નક્કી કર્યું.

3) ખરીદ કિંમત પેટે પૂરા ભરાયેલા 1200 ઇ.શેર દરેક રૂ. 100ના 20% પ્રીમીયમે આપશે. બાકીની રકમ રોકડમાં ચૂકવશે.

4) રોકાણો 16,800માં વેચ્યા. 5) વિસર્જન ખર્ચ રૂ. 2,400 થયો.

ભાગીદારો શેર નફા નુકસાનના પ્રમાણમાં વહેંચશે.

**ઉપરની માહિતી પરથી જરૂરી ખાતાં તૈયાર કરો.**

**Q-3** **Attempt all questions** **(14)**

(a) ચોખ્ખી મિલકતની ગણતરી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની ચર્ચા કરો. **7**

(b) ખરીદનાર કંપનીના ચોપડે શરૂનું પાકું સરવૈયું અંદાજિત આંકડાઓ સાથે તૈયાર કરો. **7**

**Q-4** **Attempt all questions** **(14)**

(a) ધંધાની ખરીદી કરતાં પાઘડી અને મૂડી અનામત કઈ રીતે શોધવામાં આવે છે સમજાવો. **7**

(b) તા. 31-3-2016ના રોજનું વોરા બ્રધર્સનું પાકું સરવૈયું **7**

| **મૂડી – દેવાં** | **રકમ રૂ.** | **મિલકત લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| શાહની મૂડી | 1,50,000 | મકાન | 1,80,000 |
| રાઠોડની મૂડી | 1,10,000 | યંત્રો | 1,20,000 |
| કારીગર નફાભાગ ભંડોળ | 20,000 | સ્ટૉક | 1,10,000 |
| કા. અકસ્માત ભંડોળ | 15,000 | દેવાદારો | 80,000 |
| બેંક લોન | 2,00,000 | રોકાણો | 30,000 |
| દેવીહૂંડી | 10,000 | રોકડ અને બેંક | 10,000 |
| લેણદારો | 25,000 | | |
| | 5,30,000 | | 5,30,000 |

તા. 1-4-2016ના રોજ મહાન લિ. એ પેઢીનો ધંધો ખરીદી લીધો. સત્તાવાર થાપણ રૂ. 100નો એક એવા 5000 ઈ.શેર છે. શરતો નીચે મુજબ છે:

1) જમીન મકાન – રૂ. 2,00,000, સ્ટૉક – રૂ. 1,00,000 અને રોકાણો – રૂ. 40,000 અને બાકીની મિલકતો અને દેવાં ચોપડા કિંમતે.

2) પાઘડી – રૂ. 50,000 3) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત રાખો.

3) ખરીદ કિંમત પેટે રૂ.80 ભરપાઈ થયેલી ગણી, રૂ.120ના ભાવે 2500 ઈક્વિટી શેર આપવાના અને બાકીની રકમ રોકડમાં આપવી.

4) બાકીના શેર જાહેર જનતાને રૂ.80 ભરપાઈ થયેલી ગણી, રૂ.120ના ભાવે બહાર પાડવામાં આવે છે.

**મહાન લિ.ના ચોપડે જરૂરી ગણતરી કરી શરૂનું પાકું સરવૈયું તૈયાર કરો.**

**Q-5** **Attempt all questions** **(14)**

(a) **ભાગીદારોની મૂડી :** નિરાલી - રૂ. 1,40,000 ધાત્રી – રૂ. 80,000 ખમ્મા – રૂ. 40,000 **7**

બેંક લોન (તારણવાળી) – રૂ. 40,000 લેણદારો – રૂ. 1,00,000

નફા નુકસાન ખાતું ( ઉધાર) – 20,000 છે.

મિલકતોના નીચે પ્રમાણે નાણાં મળ્યા : પ્રથમ હપતો રૂ. 50,000

બીજો હપતો રૂ. 80,000 ત્રીજો હપતો રૂ.64,000 ચોથો હપતો રૂ. 96,000

રૂ. 14,000 વિસર્જન ખર્ચ માટે અનામત રાખેલ હતી પરંતુ ખરેખર ખર્ચ રૂ. 10,000 થયો. **આ માહિતી પરથી રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક "મહત્તમ નુકસાનની" તૈયાર કરો.**

(b) ઉપરની માહિતી પરથી **"મૂડી વધારાની પધ્ધતિથી" રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.** **7**

**Q-6** **Attempt all questions** **(14)**

(a) મહત્તમ નુકસાનની પધ્ધતિ પર ટૂંક નોંધ લખો. 7

(b) તફાવત આપો. - **મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ.** 7

**Q-7** **Attempt all questions** **(14)**

ધી કિર્તિ ક્લબનું તા. 1-4-2018નું પાકું સરવૈયું અને 31-3-2019નું આવક જાવક ખાતું આપેલ છે. તેના પરથી 31-03-2019નું ઉપજ ખર્ચ ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો. 14

**તા. 1-4-2018ના રોજનું પાકું સરવૈયું**

| **મૂડી – દેવાં** | **રકમ રૂ.** | **મિલકત લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| મૂડી ભંડોળ | 2,12,000 | રમત નું મેદાન | 1,00,000 |
| અગાઉથી મળેલ લવાજમ | 10,000 | રમતનાં સાધનો | 60,000 |
| પગાર ચૂકવવાનો બાકી | 4.000 | 10%ની જામીનગીરી | 20,000 |
| | | ફર્નિચર | 20,000 |
| | | લવાજમ મળવાનું બાકી | 10,000 |
| | | રોકડ સિલક | 16,000 |
| | **2,26,000** | | **2,26,000** |

ઉ. **તા. 31-3-2019ના રોજનું આવક જાવક ખાતું** જ

| **આવક** | **રકમ રૂ.** | **જાવક** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| શરૂની બાકી | 16,000 | પગાર | 60,000 |
| લવાજમ | 1,10,000 | વર્તમાન પત્રોનું લવાજમ | 10,000 |
| દાખલ ફી | 20,000 | રમતનાં સાધનો | 60,000 |
| મનોરંજન કાર્યક્રમની આવક | 40,000 | પરચૂરણ ખર્ચા | 20,000 |
| રોકાણોનું વ્યાજ | 2,000 | મનોરંજન કાર્યક્રમની ખર્ચા | 40,000 |
| પસ્તીનું વેચાણ | 10,000 | આખર બાકી | 10,000 |
| ફર્નિચરનું વેચાણ (મૂ.કિ. રૂ. 4000) | 2,000 | | |
| | **2,00,000** | | **2,00,000** |

**વધારાની માહિતી:** (1) દાખલ ફીની અડધી રકમ મૂડીકૃત કરવી. (2) મળવાનું બાકી લવાજમ રૂ. 20,000 છે. અને ગયા વર્ષે રૂ. 10,000 અગાઉથી મળી ગયા જે ચાલુ વર્ષના છે. (3) પગાર ચૂકવવાનો બાકી રૂ. 10,000 છે. (4) ફર્નિચર પર વાર્ષિક 10% ઘસારો ગણો. (5) રમતનાં સાધનો 31-3-2019ના દિવસે રૂ. 1,10,000 છે.

**Q-8** **Attempt all questions** **(14)**

(a) નીચેની વિગતોને મૂડી આવક, મૂડી ખર્ચ, મહેસૂલી આવક, મહેસૂલી ખર્ચમાં વર્ગીકરણ કરો. 7

1. દાખલ ફી 2. મિલકતની ખરીદી 3.વર્તમાન પત્રોનું લવાજમ 4. આજીવન સભ્ય લવાજમ 5. વારસો 6. હોલનું ભાડું 7. વીજળી જોડાણ.

**(b)** હિસાબી ધોરણ નંબર – 7 બાંધકામના કરાર સમજાવો. **7**